અપીલ અરજી નં.૪૮/૦૮–૦૯ તા. ૨૨–૫–૦૮

અરજદારઃ શ્રી જાજડીયા ભીખાભાઈ કે. અને રમેશભાઈ કે.
સામાવાળાઃડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ઝોન

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જાજડીયા ભીખાભાઈ કે. અને રમેશભાઈ કે. ની તા.૯–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ નાનીવેડ વિસ્તારને લગતાં બાંધકામો વિગેરે બાબતની માહિતી મેળવવા બાબત.

સંદર્ભેઃ– (૧) રાજય માહિતી આયોગ અપીલ નં.૨૪૪/૦૮–૦૯ તા.૨૨–૫–૦૮
અરજદાર મજકુરની અપીલ અરજી નં.૪૮/૦૮–૦૯

શ્રી જાજડીયા ભીખાભાઈ કે. અને રમેશભાઈ કે. ની તા.૯–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ નાનીવેડ સીટી સર્વે નં. ૭૫,૧૦૦,૧૦૧ અને ૧૦૨ જે જમીન બિન ખેતી થયેલ છે કે નહી,તેનો ટીપી નંબર ફાઈનલ થયો છે કે નહીં કયારે ફાઈનલ થશે અને કયારે કામ શરૂ થશે તથા તેમાં પ્લાન પાસ થયેલ છે બાંધકામની મંજુરી આપેલ છે? વિગેરેની માહિતી નાની વેડ સિધ્ધિ વિનાયક સોસા. વિ–૧ સર્વે નં.૭૫ અને વિ–૨ સર્વે નં.૧૦૧ ની બાંધકામની મંજુરી અને કોના નામ પર છે તેની માહિતી તથા મુદ્દા નં.૬ થી ૧૦ સર્વે નં.૧૭૩ સરિતા સોસા.કેટલા પ્લોટો છે તેની સાઈઝ કેટલી છે ત્યાના તમામ મકાન સરિતા સોસા.ના કયા અધિકારીના કાર્યકાલમાં થયેલ છે સદર સર્વે નંબરમાં કલાપીનગરના બાંધકામો તોડી પાડવામાં આવેલ છે. જયારે સરિતા સોસા.ના મકાનો તોડી પાડવામાં આવેલ નથી બંને સોસા."ડીસ્ટ્રીકટ સેન્ટર" ના રીઝર્વેશન હેઠળ છે તો બંને માટે અલગ અલગ કાયદા શા માટે? અને સદર મકાનો કાયદેસર થશે કે કેમ? વિગેરે માહિતી મેળવવા બાબતે કરેલ અરજી સંદર્ભેનં.ટીપીડી/૯૦૧ તા.૫–૫–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અને નોર્થઝોન/આ.નં.૯૮૯ તા.૯–૫–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ. તેમ છતાં અરજદાર મુદ્દા નં.૩,૪ અને ૫ અંગે જરૂરી નકશા અને મુદ્દા નં.૬ થી ૧૦ ની નહીં પૂરી પાડેલી માહિતી અંગે સીધી બીજી અપીલ રાજય માહિતી આયોગમાં તા.૧૯–૫–૦૮ ના રોજ કરેલ. જેના અનુંસંધાને જાહેર માહિતી આયોગે પ્રથમ અપીલ ઓથોરીટીને સદર અપીલ ચલાવવા હુકમ કરેલ છે .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૨ તા.૩–૬–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એનઝેડ/એઆરડી/નં.૨૯૬ તા.૧૯–૬–૦૮ તથા નોર્થ ઝોન આ.નં.૨૧૪૯ તા.૨૦–૬–૦૮ ના રોજ પૂરક માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ. જે મુજબ મુદ્દા નં.૩ ની માહિતી તા.૧૦–૬–૦૮ ના રોજ પૂરી પાડેલ છે તથા બાકીની તા.૧૮–૬–૦૮ ના રોજ પૂરી પાડવાનું જણાવેલ છે.

ઉકત સંદર્ભે તા.૨૦–૬–૦૮ ના રોજ ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર કક્ષાએથી જાજડીયા ભીખાભાઈ કે. અને રમેશભાઈ કે. બંને ઉપસ્થિત રહેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી જુનીયર ઈજનેર એસ આર.પટેલ અને આસી.ઈજનેર આર ડી. ગાંજાવાલા હાજર રહેલ અને અરજદારને પૂરી પાડેલી માહિતીની નકલ રજૂ કરેલ. પરંતુ એપેલેટ ઓફિસર અગત્યના કચેરી કામે વ્યસ્ત હોઈ સુનાવણી થઈ શકેલ નહી. બંને પક્ષકારોને અપીલ અંગે ઠરાવ આપવા નકકી કરેલ પરંતુ અરજદારની રજૂઆત મુજબ તા.૧૮–૬–૦૮ ના રોજ નોર્થઝોન આ.નં.૨૦૪૮ થી નહીં પૂરી પાડેલ પૂરતી વિગતો અને નકશાઅંગેની માહિતી તેમને માંગ્યા મુજબની ઘટતી માહિતી મળી ગયેલ છે. અને હવે અપીલ અંગે વધુ રજૂઆત કરવાની રહેતી નથી અને બીજા ઠરાવની જરૂર નથી તેવું સુનાવણીની મુકરર કરેલ તારીખે રોજકામમાં જણાવેલ છે. વિશેષ કોઈ દાદ માંગેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર ધ્વારા તા.૯–૪–૦૮ની અરજી અંગે જાહેર માહિતી અધિકારીના તા.૯–૫–૦૮ ના પત્રથી આપેલ માહિતી સામે નારાજગી વ્યકત કરી સીધી બીજી અપીલ રાજય આયોગમાં તા.૧૯–૫–૦૮ ના રોજ કરવામાં આવેલ જેના અનુસંધાને રાજય આયોગ તરફથી અત્રે રીમાન્ડ થયેલ અપીલ નં.૦૨૪૪/૦૮–૦૯ તા.૨૨–૫–૦૮ ના અપીલના મુદ્દાઓ ૩,૪ અને ૫ નકશાઓ તથા મુદ્દા ૬ થી ૧૦ નહી પૂરી પાડેલી માહિતી બાબતે ની વિગત અરજદારને તા.૧૦–૬–૦૮ ના રોજ તથા નોર્થઝોન આ. નં.૨૦૪૮ તા.૧૮–૬–૦૮ના રોજ પૂરી પાડવામાં આવેલ છે અરજદારને તેના માંગ્યા મુજબની ઘટતી માહિતી મળી ગયેલ હોઈ તે બાબતે સંતોષ વ્યકત કરેલ છે. જેથી અપીલ અરજી અંગે કોઈ આદેશ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,નોર્થઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જાજડીયા ભીખાભાઈ કે. અને રમેશભાઈ કે.,
(૩) સચિવશ્રી ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર અપીલ સંદર્ભ અન્વયે જાણ અથે